॥ ॐ ह्रीँ श्रीँ अर्हं श्री शंखेश्वर पार्श्वनाथाय नमः ॥

પુસ્તક ૪

જ્ઞાનપંચમી સંવત ૨૦૬૬

# અહો ! શ્રુતજ્ઞાનમ્

સંકલન
શાહ બાબુલાલ સરેમલ

વિશ્વની પ્રથમ નંબરની જીવંત અજાયબી સમાન સુવિશુદ્ધ સંયમધારી પૂજ્ય શ્રમણ-શ્રમણી ભગવંતોના ચરણોમાં શાહ બાબુલાલ સરેમલ બેડાવાળાના બહુમાન પૂર્વક વંદન.

સર્વ ગચ્છ-સમુદાયોના પૂજ્ય ગુરુભગવંતોના આશીર્વાદથી આ ચાતુર્માસમાં નવતર પ્રયોગ રૂપે પરિપત્ર દ્વારા શ્રુતજ્ઞાન સંબંધી ઘણી બધી વિગતો ચતુર્વિધ શ્રી સંઘ સમક્ષ રજૂ કરી છે.

સં. ૨૦૬૪-૬૫ ના વર્ષ દરમ્યાન છપાયેલ કુલ ૫૨ પ્રતો અને ૧૭૦ થી અધિક પુસ્તકો, પુનઃમુદ્રણ કરવા યોગ્ય અપ્રાપ્ય પ્રાયઃ ૧૫૦ જેવા ગ્રંથો, શ્રીસંઘોમાં થતા નૂતન સંશોધન-સંપાદન-સર્જનના ૧૨૫ જેવા ગ્રંથો તથા સંશોધન-સંપાદન કરવા યોગ્ય ૨૪ જેટલા ગ્રંથોની વિગતો ચારેય પરિપત્રમાં સમાવિષ્ટ છે. આ બધી જ માહિતિ પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતો, પંડિતો વિગેરેને શ્રુતજ્ઞાનાભ્યાસ, સંશોધનાદિમાં ઉપયોગી થશે તો એ મારૂ અહોભાગ્ય !

આ પરિપત્ર પ્રકાશિત કરવામાં પૂજ્ય ગુરુદેવશ્રી વૈરાગ્યદેશનાદક્ષ આ.હેમચંદ્રસૂરિજી, પૂ.ગુણરત્નસૂરિજી, પૂ.મુનિચંદ્રસૂરિજી, પૂ.જયસુંદરસૂરિજી, પૂ.કલ્યાણબોધિસૂરિજી આદિએ સતત પ્રેરણા-માર્ગદર્શન અને અમૂલ્ય માહિતીઓ આપી છે ને કાળજી કરી છે. તે સર્વે ગુરુભગવંતોનો હું અંતરથી ઋણી છું.

વળી, તે સિવાય અન્ય ઘણા ઘણા મહાત્માઓએ પત્રો, ફોન વિગેરે દ્વારા સૂચનો-વિગતો-આશીર્વાદ અને અનુમોદનાની હેલીઓ વરસાવી છે, જે મારા ઉત્સાહનું અત્યંત પૂરકબળ રહ્યું છે. તે સર્વે ને કેમ ભૂલી શકાય ?

ચાતુર્માસ પૂર્ણ થતા વિહારાદિને કારણે પૂજ્યશ્રીઓનો સંપર્ક થઇ શકશે નહિ, તેથી હવે પછીનું પરિપત્ર સં-૨૦૬૬ ના અષાઢ સુદ-૫ ના રોજ પ્રકાશિત કરવાની ભાવના રાખીએ છીએ, જેમાં શેષકાળની બધી વિગતો સમાવવા પ્રયત્ન કરીશું.

શ્રુતજ્ઞાન સંબંધી જે કોઇપણ સૂચન-માહિતી આપની પાસે હોય તો આપ અમને મોકલવા ખાસ અનુગ્રહ કરશો.

શેષકાળ દરમ્યાન પણ યોગ્ય માહિતી આપને પહોંચાડી શકીએ તે માટે આપશ્રીનું કાયમી સંપર્ક સ્થાન જણાવવા કૃપા કરશો તથા જે પૂજ્યશ્રીઓને પુસ્તક-પ્રકાશનાદિ બાબત માહિતી જોઇતી હોય તો પત્ર દ્વારા અમારો સંપર્ક કરશો. અમે શક્ય બધો જ પ્રયત્ન કરશું.

જિનશાસન-શ્રુતની સેવાની નિર્મળ ભાવનાથી આરંભાયેલા આ કાર્યમાં કોઇ ભૂલચૂક રહી જવા પામી હોય તો ક્ષમા પ્રાર્થીએ છીએ. અમારે યોગ્ય સૂચન સહ આશીર્વાદ આપી આભારી કરશોજી.

" दासोऽहं सर्व साधूनाम् "

લી. શ્રી સંઘપાદપદ્મભૃંગ
શાહ બાબુલાલ સરેમલ

# સરસ્વતીપુત્રોને વંદના

પૂર્વોક્ત પરિપત્ર ૨-૩ માં વિદ્વાન મહાત્માઓ દ્વારા નૂતન સંશોધન-સંપાદન થતા
૯૭ ગ્રંથોની યાદિ પ્રગટ કરેલ તેમાં બાકી રહ્યા તે ગ્રંથોની યાદી

**આ.શ્રીભુવનભાનુસૂરિજી જન્મશતાબ્દિ નિમિત્તે ગુરૂદેવને ભેટણું સંશોધન, સંપાદન, સર્જન**

---

**પૂ.વિજયકુલચંદ્રસૂરિજી મ.સા.**

(૧) સુત્રકૃતાંગ ભા-૨ અક્ષર ગમનિકા (પુસ્તકાકાર) પ્રાકૃત-સંસ્કૃત
(૨) આગમસાર (૩) પ્રકરણ ચતુષ્ટયમ્ (જીવવિચારાદિ પ્રકરણ ટીકા)
(૪) વિશેષણવતી (ટીકા સહિત)

**પં.પ્રશાંતવલ્લભવિજયજી મ.સા.(પૂ.આ.શ્રી જગવલ્લભસૂરિજીના શિષ્ય)**

(૧) શ્રી કુલકરત્નમાલા (પ્રતાકાર) મૂળ+ભાંષાતર

**પૂ.હેમવલ્લભવિજયજી મ.સા. (પ.પૂ.ચંદ્રશેખરવિજયજીના પ્રશિષ્ય)**

(૧) શ્રી ગિરનાર મહાતીર્થ વિસ્તૃત ગ્રંથ - સંપાદન

**પૂ.ગુણરત્નસૂરિજીના શિષ્યરત્નો**

(૧) બન્ધશતક ચૂર્ણી અનુવાદ - મુનિશ્રી મોક્ષાંગરત્નવિજયજી
(૨) ન્યાયભૂમિકા (ચિત્રરેખા પધ્ધતિ) - મુનિશ્રી મોક્ષાંગરત્નવિજયજી
(૩) અનેકાંત જયપતાકા અનુવાદ - મુ.શ્રીસૌમ્યાંગરત્નવિજયજી/મુ.શ્રીયશરત્નવિજયજી
(૪) જૈન ભુગોળ-ખગોળ (ચિત્ર સમજુતી) - મુનિશ્રી ચારિત્રરત્નવિજયજી
(૫) પિંડ નિર્યુક્તિ ના ચાર્ટસ - મુનિશ્રી ચારિત્રરત્નવિજયજી

**પૂ. ગુણહંસવિજયજી મ.સા. (પં.શ્રી ચંદ્રશેખરવિજયજીના શિષ્ય)**

(૧) શ્રી દશવૈકાલિક સૂત્ર - હારિભદ્રીય ટીકા - ચાર ભાષામાં (પ્રા.-સં-હિ-ગુજ.)

**અજ્ઞાત મહાત્મા તરફથી**

(૧) સર્વજ્ઞ સિધ્ધી - આ.હરિભદ્રસૂરિજી કૃત - ટીકા-અનુવાદ

---

**પૂ.રાજશેખરસૂરિજી મ.સા. (શ્રી રામચંદ્રસૂરિજી સમુદાય)**

(૧) પંચાશક પ્રકરણ સટીક અનુવાદ

**પૂ.આ.જગદચંદ્રસૂરિજી (પૂ.રામસૂરિજી ડહેલાવાળા સમુદાય)**

(૧) આર્હત દર્શન દિપિકા વિવેચન- હિરાલાલ કાપડીઆ પુન સંપાદન

**આ. રત્નાકરસૂરિજીના શિષ્ય પં.રત્નજ્યોતવિજયજી**

(૧)શ્રી સિધ્ધહેમમધ્યમવૃતિ ભા-૧,૨,૩ શુધ્ધિકરણ સાથે પુનઃમુદ્રણ

**પૂ. વૈરાગ્યરતિવિજયજી મ.સા.(પૂ.રામચંદ્રસૂરિજી મ.સા.સમુદાય)**

(૧) યોગતત્વ વિવેચનમ્ (અનુવાદ) ગિરિશ શાહ (૨) જૈન દર્શન પ્રવેશક
(૩) સર્વ દર્શન પ્રવેશક (૪) વ્યાપ્તિપંચક (અંગ્રેજી અનુ) માથુરી જગદીશી પ્રો.બી.એસ.શુકલા

**શ્રી ધર્મતિલકવિજયજી મ.સા. (પૂ.રામચંદ્રસૂરિજી સમુદાય)**

(૧) શ્રાધ્ધગુણ વિવરણ સટીક ભાવાનુવાદ
(૨) જીવવિચાર સર્વવૃતિસંગ્રહ (ત્રણ વૃતિ)
(૩) પર્યુષણા અષ્ટાનિકા-સર્વવૃતિ સંગ્રહ-પૂ.લક્ષ્મીવિજયજી/આ.વિ.લક્ષ્મીસૂરિજી તથા અન્ય
(૪) સ્તુતિ પંચકમ્ (કલ્લાણકંદમ્ સ્તુતિ, સંસારદાવા આદિ )

**પૂ. જયાનંદવિજયજી મ.સા. (શ્રી ત્રિસ્તુતિક સમુદાય)**

(૧) યોગશાસ્ત્ર ભાષાંતર

**સાધ્વીજી શ્રી અમીતરત્નાશ્રીજી મ.સા. (પૂ. નિતીસૂરિજી સમુદાય)**

(૧) લઘુ હૈમકૃદન્ત શ્રેણી

**ઉપા. ભુવનચંદ્રવિજયજી (શ્રી પાર્શ્વચંદ્ર ગચ્છ)**

(૧) સપ્તપદી શાસ્ત્ર પુનઃમુદ્રણ

## નવા પ્રકાશનો સંવત-૨૦૬૪-૨૦૬૫

| ક્ર. | નુતન પ્રકાશન | કર્તા | ભાષા | પ્રકાશક/પ્રાપ્તિ સ્થાન |
|---|---|---|---|---|
| ૧ | હેમકૃદન્ત શ્રેણી | સા. અમીતરત્નાશ્રીજી | સં. | શ્રી લુણાવામંગળ ભુવન |
| ૨ | શ્રી માણિક્યસુંદરસૂરિજી રચિત ૧૭ કથા | પૂ. સર્વોદયસાગરજી | ૫ ભાષા | - |
| ૩ | પૂર્વાચાર્ય રચિત (૬૬) ચરિત્ર કથા | પૂ. સર્વોદયસાગરજી | ૬ ભાષા | - |
| ૪ | શ્રી હરિષેણાચાર્ય કૃત (૬૭ કથા) | પૂ. સર્વોદયસાગરજી | ૫ ભાષા | - |
| ૫ | સાધના પથ (શ્રી સુવિધિનાથ સ્તવના) | પૂ. યશોવિજયસૂરિજી | ગુજ. | શ્રી ઓમકારસૂરિજી |
| ૬ | પરમતારા માર્ગ (પ્રભુ મહાવીર સ્તવના) | પૂ. યશોવિજયસૂરિજી | ગુજ. | આરાધના ભવન |
| ૭ | રસો વૈ સઃ (શ્રી અભિનંદનસ્વામી ) | પૂ. યશોવિજયસૂરિજી | ગુજ. | " " |
| ૮ | નયવિંશિકા | પૂ. અભયશેખરસૂરિજી | ગુજ. | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૯ | જૈન દર્શન મેં કાર્ય વ્યવસ્થા | ડૉ. શ્વેતા જૈન | હિ. | પ્રાચ્ય તત્વ વિદ્યાપીઠ |
| ૧૦ | ઋષિભાષિતકા-દાર્શનિક અધ્યયન | સાધ્વી પ્રમોદકુમારી | હિ. | પ્રાચ્ય તત્વ વિદ્યાપીઠ |
| ૧૧ | શ્રી વજ્રસ્વામી ચરિત્રમ્ | રમ્યરેણુ | સં. | વિજયભદ્ર ચેરી. ટ્રસ્ટ |
| ૧૨ | શાસ્ત્ર સંદેશ માલા ભા-૨૧ | પૂ. વિનયરક્ષિતવિજયજી | સં. | શાસ્ત્ર સંદેશ પ્રકાશન |
| ૧૩ | શાસ્ત્ર સંદેશ માલા ભા-૨૨ | " " | સં. | " " |
| ૧૪ | શાસ્ત્ર સંદેશ માલા ભા-૨૩ | " " | સં. | " " |
| ૧૫ | શાસ્ત્ર સંદેશ માલા ભા-૨૪ | " " | સં. | " " |
| ૧૬ | આગમપધાનામ્ અકારાદિ અનુ. ભા-૧ | " " | સં. | " " |
| ૧૭ | પ્રાકૃત પધાનામ્ અકારાદિ અનુ. ભા-૨ | " " | સં. | " " |
| ૧૮ | સંસ્કૃત પધાનામ્ અકારાદિ અનુ. ભા-૩ | " " | સં. | " " |
| ૧૯ | ત્રિશષ્ટિ શલાકા અકારાદિ અનુ. ભા-૪ | " " | સં. | " " |
| ૨૦ | સંવેગ રંગશાળા | " " | સં. | " " |
| ૨૧ | સૌ ચાલો ગિરનાર જઇએ | શ્રી હેમવલ્લભવિજયજી | ગુજ. | શ્રી ગિરનારતીર્થ વિ. સમિતી |
| ૨૨ | શ્રાવક જીવન દર્શન (શ્રાધ્ધ વિધી) | શ્રી કુલચંદ્રસૂરિજી | હિ. | દિવ્ય દર્શન ટ્રસ્ટ |
| ૨૩ | સંવેગ રંગ શાળા મૂળ | શ્રી જયાનંદવિજયજી | સં. | શ્રી ગુરુ રામચંદ્ર પ્રકાશન |
| ૨૪ | સંવેગ રંગ શાળા ભાષાંતર | શ્રી જયાનંદવિજયજી | હિ. | " " |
| ૨૫ | પ્રભાવક ચરિત્ર | શ્રી જયાનંદવિજયજી | ગુજ. | " " |
| ૨૬ | શત્રુંજય મહાત્મય | શ્રી જયાનંદવિજયજી | હિ. | " " |
| ૨૭ | વિમલનાથ ચરિત્ર | શ્રી જયાનંદવિજયજી | ગુજ. | " " |
| ૨૮ | શ્રાધ્ધવિધી ભાષાંતર | શ્રી જયાનંદવિજયજી | હિ. | " " |
| ૨૯ | જિનસ્તવન ચતુર્વિંશિકા | શ્રી પાર્શ્વચંદ્રસૂરિજી | સં. | પાર્શ્વચંદ્રસૂરિ સાહિ. પ્રકા. |
| ૩૦ | આચારંગ સૂત્ર (પ્રથમશ્રુતસ્કંધ) | શ્રી પાર્શ્વચંદ્રસૂરિજી | સં. | " " |
| ૩૧ | શ્રી પંચસૂત્રમ્ સટીક | પં. જયદર્શન વિજયજી | સં. | શ્રી જિનાજ્ઞા પ્રકાશન |
| ૩૨ | શ્રી યોગદ્રષ્ટિ સમુચ્ચય સટીક | " " | સં. | " " |
| ૩૩ | શ્રી યોગવિંશિકા સટીક | " " | સં. | " " |
| ૩૪ | શ્રી યોગશતકમ્ સટીક | " " | સં. | " " |

# અહો શ્રુતજ્ઞાનમ્ ગ્રંથ જીર્ણોધ્ધાર

પૂર્વોક્ત પરિપત્રમાં પુનમુદ્રણ કરવા યોગ્ય ૧૪૩ ગ્રંથોનું લીસ્ટ રજૂ કરેલ.. આ દરેક ગ્રંથની ૩૫૦-૪૦૦ નકલો પ્રીન્ટ કરાવી ભારતભરના દરેક જ્ઞાનભંડારોમાં ભેટ મોકલવામાં આવે તો હજી ૮૦-૧૦૦ વર્ષ સુધીનું તેમને આયુષ્ય મળે, પ્રાપ્ય બની રહે. શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ દ્વારા આજ સુધીમાં આવા ૩૫૦ થી પણ અધિક ગ્રંથો પુનર્મુદ્રિત થયા છે જેની અનુમોદના.

આ સાથે અમે અમારી શક્તિ મુજબ, સાબરમતીના વિવિધ શ્રાવિકા ઉપાશ્રયોના જ્ઞાનદ્રવ્યની સહાયથી ૩૬ ગ્રંથો છપાવીને જ્ઞાનભંડારોને ભેટ મોકલ્યા છે તેની પણ વિગત આ સાથે છે.

વળી, આ દરેકની ડી.વી.ડી. પણ તૈયાર કરી છે. જે જ્ઞાનભંડારોમાં કોમ્પ્યુટર હોય અને ડી.વી.ડી. વસાવવી હોય તેઓ સંઘના લેટરપેડ ઉપર અમારો સંપર્ક કરશે તો તેમને વિના મૂલ્યે ડી.વી.ડી. ભેટ આપવામાં આવશે. આ પુસ્તકો www.jainelibrary.org પરથી પણ down load કરી શકાશે.

| ક્ર. | સંસ્થાનું નામ | મુખ્ય વ્યવસ્થાપક | ફોન-મો.નં |
|---|---|---|---|
| ૧ | આ.શ્રી કૈલાશસાગરસૂરિજી જૈન જ્ઞાનભંડાર<br>શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર<br>કોબા. ડી.ગાંધીનગર (ગુજરાત)<br>બ્રાન્ચ : સિટી સેન્ટર-પાલડી, અમદાવાદ. | શ્રી મનોજભાઇ<br><br><br>શ્રી હિરલભાઇ શાહ | ૨૩૨૭૬૨૫૨<br>૨૩૨૭૬૨૦૪<br><br>૯૯૭૮૯૩૪૪૫૫ |
| ૨ | શ્રુત આનંદ<br>શેઠશ્રી આણંદજી કલ્યાણજીની પેઢી પાસે<br>નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૭ | શ્રી સુબોધભાઇ | ૨૬૬૦૮૨૪૪ |
| ૩ | શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર<br>હીરાજૈન સોસાયટી, રામનગર,<br>સાબરમતી, અમદાવાદ-૫ | શા.બાબુલાલ સરેમલ | ૯૪૨૬૫૮૫૯૦૪<br>૨૨૧૩૨૫૪૩<br>૨૭૫૦૫૭૨૦ |
| ૪ | શ્રી ઓમકારસૂરિજી જ્ઞાનમંદિર<br>સુભાષચોક, ગોપીપુરા, સુરત | શ્રી સેવંતીભાઇ મહેતા | ૯૮૨૪૧૫૨૭૨૭ |
| ૫ | શ્રી ભુવનભાનુસૂરિ શાસ્ત્ર સંગ્રહ<br>શ્રી પ્રેમભુવનભાનુ આરાધના ભવન<br>શેત્રુંજયપાર્કની ગલીમાં, તળેટી રોડ, પાલીતાણા | શ્રી મહેન્દ્રભાઇ<br>શ્રી વીરૂભાઇ | ૯૯૦૯૪૯૨૫૭૯ |
| ૬ | શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ<br>૬-બી, અશોકા કોમ્પલેક્ષ, જનતા હોસ્પીટલ પાસે,<br>પાટણ (ઉ.ગુ)-૩૮૪૨૫૫ | પં.ચંદ્રકાંતભાઇ સંઘવી | ૯૯૦૯૪૬૮૫૭૨<br>(૦૨૭૬૬)<br>૨૩૧૬૦૩ |
| ૭ | તપોવન સંસ્કાર પીઠ જ્ઞાનપીઠ<br>અમીયાપુર, ડી. ગાંધીનગર, ગુજરાત | સૌરભભાઇ શાહ | ૨૩૨૭૬૯૦૧<br>૨૯૨૮૯૭૩૮ |
| ૮ | શ્રી સાગરતપગચ્છ આણંદજી કલ્યાણજી સંઘ<br>શ્રી શાલીભદ્ર આરાધના ભવન<br>સંઘવી ફળી, વીરમગામ, (ડી.અમદાવાદ) | જીતુભાઇ શાહ | ૯૯૯૮૧૭૫૧૯૧ |
| ૯ | વિજય પ્રેમસૂરિજી જૈન જ્ઞાનભંડાર<br>શ્રી જૈન શ્વે.મૂ.સંઘ<br>પિંડવાડા, સ્ટે. સીરોહી રોડ, (રાજસ્થાન) | | |

મુંબઇમાં બે સ્થળે આ પુસ્તકો ભેટ મોકલવાના છે. જેના સરનામાં હવે પછી જણાવશું.

**પ્રાયઃ જીર્ણ અપ્રાપ્ય પ્રત-પુસ્તકોને સ્કેન કરાવીને ડી.વી.ડી. બનાવીને જે પ્રત/પુસ્તકો ૧૧ ઉત્તમજ્ઞાનભંડારોને ભેટ મોકલ્યા છે તેની યાદી**

| ક્રમાંક | પુસ્તકનું નામ | | કર્તા-ટીકાકાર-સંપાદક | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| ૦૦૧ | શ્રી નંદીસૂત્ર અવચૂરી | (પ્રત) | પૂ. વિક્રમસૂરિજી મ.સા. | ૨૩૮ |
| ૦૦૨ | શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર ચૂર્ણી | (પ્રત) | પૂ. જિનદાસગણિ ચૂર્ણીકાર | ૨૮૬ |
| ૦૦૩ | શ્રી અર્હદ્ગીતા-ભગવદ્ગીતા | (પ્રત) | પૂ. મેઘવિજયજી ગણિ મ.સા. | ૮૪ |
| ૦૦૪ | શ્રી અર્હચ્ચૂડામણિ સારસટીકઃ | (પ્રત) | પૂ. ભદ્રબાહુસ્વામી મ.સા. | ૧૮ |
| ૦૦૫ | શ્રી યુક્તિ પ્રકાશસૂત્ર | (પ્રત) | પૂ. પદ્મસાગરજી ગણિ મ.સા. | ૪૮ |
| ૦૦૬ | શ્રી માનતુઙ્ગશાસ્ત્રમ્ | (પ્રત) | પૂ. માનુતુંગવિજયજી મ.સા. | ૫૪ |
| ૦૦૭ | અપરાજિતપૃચ્છા | | શ્રી બી.ભટ્ટાચાર્ય | ૮૧૦ |
| ૦૦૮ | શિલ્પ સ્મૃતિ વાસ્તુ વિદ્યાયામ્ | | શ્રી નંદલાલ ચુનિલાલ સોમપુરા | ૮૫૦ |
| ૦૦૯ | શિલ્પરત્નમ્ ભા-૧ | | શ્રીકુમાર કે. સભાસ્તવ શાસ્ત્રી | ૩૨૨ |
| ૦૧૦ | શિલ્પરત્નમ્ ભા-૨ | | શ્રીકુમાર કે. સભાસ્તવ શાસ્ત્રી | ૨૮૦ |
| ૦૧૧ | પ્રાસાદતિલક | | શ્રી પ્રભાશંકર ઓઘડભાઈ | ૧૬૨ |
| ૦૧૨ | કાશ્યપશિલ્પમ્ | | શ્રી વિનાયક ગણેશ આપ્ટે | ૩૦૨ |
| ૦૧૩ | પ્રાસાદ મંજરી | | શ્રી પ્રભાશંકર ઓઘડભાઈ | ૧૫૬ |
| ૦૧૪ | રાજવલ્લભ યાને શિલ્પશાસ્ત્ર | | શ્રી નારાયણ ભારતી ગોંસાઇ | ૩૫૨ |
| ૦૧૫ | શિલ્પદીપક | | શ્રી ગંગાધરજી પ્રણીત | ૧૨૦ |
| ૦૧૬ | વાસ્તુસાર | | શ્રી પ્રભાશંકર ઓઘડભાઈ | ૮૮ |
| ૦૧૭ | દીપાર્ણવ ઉતરાર્ધ | | શ્રી પ્રભાશંકર ઓઘડભાઈ | ૧૧૦ |
| ૦૧૮ | જિનપ્રાસાદ માર્તણ્ડ | | શ્રી નંદલાલ ચુનીલાલ સોમપુરા | ૪૯૮ |
| ૦૧૯ | જૈન ગ્રંથાવલી | | શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ | ૫૦૨ |
| ૦૨૦ | હીરકલશ જૈન જ્યોતિષ | | શ્રી હિંમતલાલ મહાશંકર જાની | ૪૫૪ |
| ૦૨૧ | ન્યાય પ્રવેશ ભા-૧ | | શ્રી આનંદશંકર બી. ધ્રુવ | ૨૨૬ |
| ૦૨૨ | દીપાર્ણવ પૂર્વાર્ધ | | શ્રી પ્રભાશંકર ઓઘડભાઈ | ૬૪૦ |
| ૦૨૩ | અનેકાન્ત જયપતાકા ભા-૧ | | પૂ. મુનિચંદ્રસૂરિજી મ.સા. | ૪૫૨ |
| ૦૨૪ | અનેકાન્ત જયપતાકા ભા-૨ | | શ્રી એચ.આર.કાપડિઆ | ૫૦૦ |
| ૦૨૫ | પ્રાકૃત વ્યાકરણ ભાષાંતર સહ | | શ્રી બેચરદાસ જીવરાજ દોશી | ૪૫૪ |
| ૦૨૬ | તત્વોપપ્લવસિંહઃ | | શ્રી જયરાશી ભટ્ટ, બી.ભટ્ટાચાર્ય | ૧૮૮ |
| ૦૨૭ | શક્તિવાદ (આદર્શ ટીકા) | | શ્રી સુદર્શનાચાર્ય શાસ્ત્રી | ૨૧૪ |
| ૦૨૮ | ક્ષીરાર્ણવ | | શ્રી પ્રભાશંકર ઓઘડભાઈ | ૪૧૪ |
| ૦૨૯ | વેધવાસ્તુ પ્રભાકર | | શ્રી પ્રભાશંકર ઓઘડભાઈ | ૧૯૨ |
| ૦૩૦ | શિલ્પરત્નાકર | | શ્રી નર્મદાશંકર શાસ્ત્રી | ૮૨૪ |
| ૦૩૧ | પ્રાસાદ મંડન | | પં.ભગવાનદાસ જૈન | ૨૮૮ |
| ૦૩૨ | શ્રી સિદ્ધહેમબૃહદવૃતિ બૃહન્ન્યાસ અધ્યાય-૧ | | પૂ.લાવણ્યસૂરિજી મ.સા. | ૫૨૦ |
| ૦૩૩ | શ્રી સિદ્ધહેમબૃહદવૃતિ બૃહન્ન્યાસ અધ્યાય-૨ | | પૂ.લાવણ્યસૂરિજી મ.સા. | ૫૭૮ |
| ૦૩૪ | શ્રી સિદ્ધહેમબૃહદવૃતિ બૃહન્ન્યાસ અધ્યાય-૩(૧) | | પૂ.લાવણ્યસૂરિજી મ.સા. | ૨૭૮ |
| ૦૩૫ | શ્રી સિદ્ધહેમબૃહદવૃતિ બૃહન્ન્યાસ અધ્યાય-૩(૨)(૩) | | પૂ.લાવણ્યસૂરિજી મ.સા. | ૨૫૨ |
| ૦૩૬ | શ્રી સિદ્ધહેમબૃહદવૃતિ બૃહન્ન્યાસ અધ્યાય-૫ | | પૂ.લાવણ્યસૂરિજી મ.સા. | ૩૨૪ |

## સંશોધન-સંપાદન કરવા યોગ્ય ગ્રંથો

આજે પુનમુદ્રણ ઘણું થાય છે. પણ તે સાથે વધુ મહત્વનું કાર્ય સંશોધન-સંપાદનનું છે.પ્રાચીન જ્ઞાનભંડારોમાં હજીએ કેટલુંય હસ્તલિખિત સાહિત્ય અપ્રગટપણે રહેલું છે. ઘણા વિદ્વાન મહાત્માઓને સંશોધન-સંપાદનની ખૂબ ભાવના હોવા છતાં યોગ્ય માર્ગદર્શનનના અભાવે કરી શક્તા નથી. આ બાબત પરિપત્ર-૩માં વિચાર રજૂ કરતા પૂ.આ.મુનિચંદ્રસૂરિજી, પંડિત શ્રી ચંદ્રકાંતભાઇ સંઘવી આદિ દ્વારા અમૂલ્ય સૂચનો પ્રાપ્ત થતા અહીં સર્વેનો કૃતજ્ઞતાપૂર્વક આભાર દર્શાવવા પૂર્વક રજૂ કરીએ છીએ. આ ગ્રંથોના સંશોધન-સંપાદન કરનાર કોઇ ને કોઇ વિદ્વાનો પ્રભુ શાસનને મળી રહેશે એવી અપેક્ષા અને અમર આશા.

## હસ્તપ્રત ઉપરથી સંશોધન-સંપાદન કરીને પ્રકાશિત કરવા યોગ્ય ગ્રંથો

| ક્ર. | ગ્રંથ | કર્તા | હસ્તપ્રત વર્ષ | પ્રમાણ |
|---|---|---|---|---|
| ૧ | ચંદૃપહમ્ચરિયં | આ.હરિભદ્રસૂરીજી | ૧૩ મા સૈકા | - |
| ૨ | મલ્લિનાહ ચરિયં | આ.હરિભદ્રસૂરીજી | ૧૩ મા સૈકા | - |
| ૩ | સુદંસણા ચરિયં | શ્રી ભાંડારકર ઇન્સ્ટી. | વિ.સં.૧૨૪૪ | - |
| ૪ | સુદંસણા ચરિયં | શ્રી જગચ્ચન્દ્રસૂરીજી | - | ૪૫૦૨ ગાથા |
| ૫ | સુદંસણા ચરિયં | શ્રી દેવપ્રભ સૂરીજી | - | ૧૮૮૭ શ્લોક |
| ૬ | ચંદૃપહમ્ચરિય | શ્રી દેવસૂરીજી | વિ.સં.૧૨૬૪ | |
| ૭ | મલયસુંદરિ ચરિયં | શ્રી હરિરાજ | - | ૮૦૦ પદ્ય |
| ૮ | અંજના સુંદરિ ચરિયં | સા.ગુણસમૃધ્ધિ મ.સા. | વિ.સં.૧૪૦૭ | - |
| ૯ | વૃધ્ધાચાર્ય પ્રબંધાવલિ | હસ્તપ્રત પાટણ જ્ઞાનભંડાર | - | - |
| ૧૦ | રયણચુડ કહા | શ્રી યશોદેવગણિ | - | - |
| ૧૧ | નાણચંદ્ર ચરિયં | શ્રી વાસવચંદ્ર | - | - |
| ૧૨ | જસહર ચરિયં | શ્રી માનવેન્દ્ર+પદ્મસુંદરગણિ કૃત વૃતિ | - | - |
| ૧૩ | હૈમ વ્યાકરણ બૃહદ અવચૂર્ણી | શ્રી અમરચંદ્રસૂરિજી | ૧૪ મી સદી | ૫૩૦૦૦ |
| ૧૪ | હૈમ વ્યાકરણ લઘુન્યાસ | શ્રી ધર્મઘોષસૂરિજી | - | ૯૦૦૦ |
| ૧૫ | કતિચિદ્ દુર્ગપદ વ્યાખ્યા | શ્રી દેવેન્દ્રસૂરિજી | - | - |
| ૧૬ | હૈમદુર્ગપદ પ્રબોધ | શ્રી વલ્લભ પાઠક | વિ.સં.૧૬૬૧ | - |
| ૧૭ | હૈમવિભ્રમવૃતિ | શ્રી જિનપ્રભસૂરિજી | ૧૪ મી સદી | - |
| ૧૮ | હૈમકારક સમુચ્ચય | શ્રી પ્રભસૂરિજી | - | - |
| ૧૯ | પ્રાકૃત અવચૂરી | શ્રી હરિપ્રભસૂરિજી (બીજા) | - | - |
| ૨૦ | પ્રાકૃત દીપિકા | શ્રી હરિપ્રભસૂરિજી (બીજા) | - | - |
| ૨૧ | ધાતુપાઠ+ન્યાયમૂલ માત્ર+ઉણાદિ સૂત્રો | સંપાદન કરવા યોગ્ય | - | - |
| ૨૨ | જ્ઞાનસાર (સ્વોપજ્ઞ) | શિશુબોધિની ટીકા | - | - |
| ૨૩ | સમ્યક્ત્વ પ્રકરણ | શ્રી વિમલગણિ કૃત ટીકા | - | - |

તા.ક. : આપશ્રી કોઇપણ ગ્રંથનું સંશોધનાદિ કાર્ય કરો તો અમને અચૂક જણાવશો. જેથી અન્ય પણ કોઇ મહાત્મા કરતા હોય તો તેથી થતા સમય, શક્તિ અને જ્ઞાનદ્રવ્યના વ્યયને અટકાવી શકાય અને ગ્રંથો બેવડાય નહીં. હજી પણ અપ્રગટ સંશોધન યોગ્ય ગ્રંથોનું લીસ્ટ અમને મોકલવા વિદ્વાન અનુભવી મહાત્માઓને કરબદ્ધ પ્રાર્થના કરીએ છીએ. પાકૃત અઅપ્રગટ ગ્રંથોની વિશેષ માહિતી માટે ઉપયોગી પુસ્તક, પાઇઅ ભાષાઓ અને સાહિત્ય સંપાદન : હીરાલાલ રસીકલાલ કાપડીઆ પુનઃસંપાદન : પૂ.આ.મુનિચંદ્રસૂરિજી

## હૈયાની વાત

પૂજ્ય ગુરુભગવંતોની પ્રેરણા અને માર્ગદર્શનથી ઘણા સંઘોમાં જ્ઞાનભંડારો શરૂ થયા છે ઘણે ખરે તો સંયમી જ્ઞાનભક્તિરસિક શ્રમણ-શ્રમણીઓ જ શ્રુતભક્તિથી પ્રેરાઇને નવા જ્ઞાનભંડાર વસાવવાની જરૂરી કાર્યવાહી, જુના ભંડારો-અવ્યવસ્થિત ભંડારોને વ્યવસ્થિત સક્રિય બનાવવાના પ્રયત્ન કરતા હોય છે. વળી, જિનશાસનમાં જ શ્રુતભક્તિથી પ્રેરાઇ ઘણા આચાર્ય ભગવંતો વિ. પ્રાચીન પુસ્તકોના પુનર્મુદ્રણ વિગેરે દ્વારા તેને ઉપલબ્ધ કરાવે છે. ઉપરાંત દરેકે દરેક જ્ઞાનભંડારોમાં ભેટરૂપે પણ મોકલવાની પ્રેરણા કરે છે. અને આ જ બધા કારણોને લઇને શ્રી જૈન સંઘોમાં વર્ષો વર્ષથી શ્રુતજ્ઞાન-ભક્તિની આ સુદીર્ઘ પરંપરા જળવાઇ રહી છે.

બીજી બાજુ કેટલાક પ્રકાશનોના સંસ્કૃત અને પ્રાકૃત ભાષાના મહત્વના પુસ્તકો વેચાણમાં જ આવતા હોય છે. જો કોઇ સંઘના જ્ઞાનદ્રવ્યમાંથી જ તે છપાયા હોય તો આ રીતે વેચાણથી જ આપવા તે કેટલું ઉચિત ગણાય તે વિચારણીય બની રહે છે. સંઘ સંચાલિત જ્ઞાનભંડારોના વ્યવસ્થાપકો મોટે ભાગે જેટલા ભેટ મળે તેટલા પુસ્તકો જ્ઞાનભંડારમાં મંગાવી લે છે, પરંતુ સામાન્ય કિંમતના પુસ્તકો પણ મંગાવવાની બેદરકારી દાખવે છે અથવા તો ટ્રસ્ટીઓની સંમતિની બહુ મોટી પ્રોસીઝરમાંથી પાસ થવું પડે છે, આ કેટલું ઉચિત ? તે વિચારવું ઘટે છે.

આ રીતે નવા પ્રકાશિત ગ્રંથોની પ્રાપ્તિસ્થાનમાં ઢગલે ઢગલા નકલો પડી હોવા છતાં જ્ઞાનભંડારોને ઉપલબ્ધ થતા નથી. ખરીદની વૃત્તિના અભાવે નવા સારા પુસ્તકો ન હોવાથી જ્ઞાનભંડારના આલીશાન સુંદર મકાનો આત્મા વિનાના શરીર જેવા મૃતપ્રાયઃ બનવા લાગે છે.

જો દરેક સંઘ કે ગુરુભગવંતો જ્ઞાનદ્રવ્યમાંથી જ આવા સારા સારા પુસ્તકોની ૧૫૦/૨૦૦ નકલો ખરીદીને, તે સંઘનું સૌજન્ય વિગેરે નામના સ્ટીકરો છાપીને પણ દરેક જ્ઞાનભંડારોને ભેટ મોકલી આપે તો આ રીતે પણ જ્ઞાનભંડારો સમૃધ્ધ થઇ શકે છે. આમાં ઘણી નકલ ખરીદવાની હોઇ પ્રકાશન સંસ્થા તરફથી ૨૫/30% ડીસ્કાઉન્ટ પણ મળી શકે. ઉપરોક્ત કાર્ય માટે ભારતભરના સારા જ્ઞાનભંડારોનું લીસ્ટ બનાવવાનું અમે નક્કી કર્યું છે. પૂજ્યોના સંપર્કથી ગુજરાત, રાજસ્થાન, મુંબઇ વિગેરેના સરનામા તો સરળતાથી પ્રાપ્ત થઇ શકે છે, પણ એ સિવાયના ક્ષેત્રના જ્ઞાનભંડારોની માહિતીની અમને ખૂબ જરૂર છે. જો કોઇને આ બાબત જાણ હોય તો ૨-૩ હજાર પુસ્તક-પ્રતની સંખ્યાવાળા, સુયોગ્ય જાળવણીવાળા જ્ઞાનભંડારોની યાદી અમને મોકલશો તો આપનો ખૂબ આભારી થઇશ.

ઘણીવાર દૂર દૂરના જ્ઞાનભંડારોમાં પુસ્તક-પ્રતો મોકલવામાં કુરીયર વિગેરેની ઘણી તકલીફ રહે છે એટલે એવા પણ કારણથી દૂરના પ્રદેશોમાં તે ઉપલબ્ધ થતા નથી પરંતુ શ્રુતભક્ત શ્રાવકો આ રીતે નજીકના સારા જ્ઞાનભંડારોમાં પુસ્તકો પહોંચાડવા માટે તૈયાર થાય, એક વ્યવસ્થિત તંત્ર ગોઠવાય તો શ્રુતની ઘણી સેવા થઇ શકે, અને આ રીતે જે જે સંઘ/સંસ્થા પાસે અભ્યાસોપયોગી પુસ્તક-પ્રતોના ઢગલાઓ પડ્યા છે. તેનો પણ નીકાલ થઇ શકે. પુસ્તકો મોકલવા બાબત અમારા સરનામે પત્રવ્યવહાર કરીને પછીથી જ પુસ્તકો મોકલવાની આગ્રહભરી નમ્ર વિનંતિ છે.

## હવે, ઉપાય વિચારીએ

આજે છ'રી પાલિત સંઘો, ૯૯ યાત્રા, ઉપધાન, ચાતુર્માસ આદિ મહોત્સવમાં લાભાર્થી પરિવાર તરફથી સ્તુતિ-સ્તવન-સજ્ઝાય વિગેરેની કોમન પુસ્તિકાઓ છાશવારે છપાતી રહે છે. જે માત્ર તે મહોત્સવાદિ પૂરતી જ સીમીત રહે છે.. અને પછી ગમે ત્યાં, ગમે તે દેરાસરોમાં વિના માંગ્યે મૂકીને તેનો નિકાલ જ કરવાનો રહે છે. આ પ્રીન્ટીંગના ખર્ચાઓનો વાર્ષિક આંકડો કરોડોમાં જાય છે. આના નિવારાણાર્થે આ પ્રમાણે વિચારી શકાય.

અત્યારનો યુગ કોમ્પ્યુટર, વેબસાઇટ વિ. માં ખૂબ જ ઝડપથી આગળ વધી રહ્યો છે. લગભગ દરેક સુખીગૃહસ્થને કોમ્પ્યુટર વિ. હાથવગુ હોય છે. તે દ્વારા આ સમસ્યાનું નિરાકરણ થઇ શકે છે.

સ્તુતિ-સ્તવન-સજ્ઝાયની એક વેબસાઇટ ખોલવામાં આવે અને આજના કાળે જેટલા પણ પ્રાચીન કર્તાના સ્તવન-સજ્ઝાયો તથા નૂતન ભક્તિ ગીતો વિગેરે હોય તે બધાનો સંગ્રહ થાય. વેબસાઇટ પર આ રીતે સંગ્રહ કરનાર સંસ્થા પોતાની પાસે ઉપલબ્ધ સ્તવનાદિની યાદિ બહાર પાડીને તમામ મુખ્ય મહાત્માઓ (આચાર્ય ભગવંત વિ.) ને મોકલાવે. એ યાદિમાં કંઇક ખૂટતું હોય તો એ આચાર્ય ભગવંત તેમને પહોંચતું કરે.. અંતે એક ફાઇનલ લીસ્ટ બહાર પડે અને મુખ્ય ગ્રુપના પ્રભાવક મહાત્માઓ વિ. ને મોકલી આપવામાં આવે પછી જ્યારે પણ કોઇ પણ પ્રસંગ પછી તે સંઘ હોય, ઉપધાન, ૯૯ યાત્રા કે મહોત્સવ હોય તે તે સંઘ/શ્રાવક વેબસાઇટ પરથી તે તે સ્તવન વિગેરેને ડાઉનલોડ કરીને પ્રીન્ટ કાઢીને ઉપયોગમાં લઇ શકે છે. તેની ઝેરોક્ષ વિગેરે જે કરવું હોય તે કરીને એક સારા ફોલ્ડરમાં ફીટ કરી આપી શકે.

આ પ્રમાણે કરવાથી ભવિષ્યમાં સ્તવનાદિના પુસ્તકો બહાર પાડવાની જરૂર રહે નહિં.

વળી, તેથી બીજો ફાયદો એ પણ થાય કે ઘણા સ્તવનો વિ.માં શબ્દોમાં, શબ્દોનાં ક્રમમાં જુદી જુદી ચોપડીઓમાં ફેરફાર હોય છે. આ રીતે કરવાથી એક સ્ટાન્ડર્ડ માહિતી રજૂ થાય.

નોંધ - પૂર્વ પરિપત્રમાં આચારાંગ ચૂર્ણી ટીકા-શીલાંકાચાર્યવૃતિ શરત ચૂકથી એ મુ. અનંતયશ વિ. ના નામે છપાયેલ તે પૂ. ગણિવર્ય યશોવિજયજીના નામે જાણવું.

---

અહો ! શ્રુતજ્ઞાનમ્

Printed Matter BookPosted 114(7)
U/C, 5A P & T Guide hence not be taxed

Rs. 1
Ticket

પ્રકાશક :
શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાન ભંડાર
શા.વીમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન
હિરાજૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.
મો : ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ) ૨૨૧૩૨૫૪૩

Bhagyalaxmi 9824019610